ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર તાપમાન

આદિવાડા પાસે ફસાઈ ગયેલી ટ્રક બે દિવસ થવા છતા નીકળી શકી નથી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલના સમયે તંત્ર દ્વારા ગટર લાઈન તેમજ ગેસ લાઈનનું કામ ચાલતુ હોવાથી સેકટરોમાં તેમજ મુખ્ય માર્ગોની આજુબાજુમાં મોટાપાયે ખોદકામ ચાલી રહ્યું હોય છે. જયારે જે તે કામ પૂર્ણ થતા ખાડામાં યોગ્ય પુરણ કામ ન થતા ચોમાસાની સિઝનમાં અન્ય નાગરીકોને માટે આફતરૂપ બને છે ત્યારે ગ-૭ આદિવાડા પાસે છેલ્લા બે દિવસથી ટ્રક ફસાઈને પડી છે. એક બાજુ નીચે જમીનમાં ખુંપી ગયેલી ટ્રક કેવી રીતે બહાર કાઢવી તે મહામુસીબત છે. અને કવાર પ્રયત્નો કર્યા છતા જમીનમાં અડધી ખુંપી ગયેલી ટ્રક બહાર નીકળી શકી નથી. ત્યારે ટ્રક માલિક અને ચાલક બંને છેલ્લા બે દિવસથી ભારે મુસીબતનો સામનો કરી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા અઠવાડીયામાં વરસાદની મૌમસ જામી હતી. જેને પગલે ઠેર ઠેર કાદવ-કિચડના પગલે આમ નાગરીકો પણ મુસીબતનો સામનો કરી રહ્યા છે. નાગરીકોના ઘર પાસે પડેલી કાર અડધી પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.તો બીજી તરફ જમીન પોચી પડતા અન્ય સ્થાનો પર પણ કાર ખુંપી જવાના કિસ્સા સામે આવ્યા હતા. જયારે આદિવાડા ગામે ગટરનું કામકાજ ચાલતુ હોવાથી ગ માર્ગની સાઈડમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. જેમાં ગ-૭ પાસે છેલ્લા બે દિવસથી ટ્રક ખુંપી ગઈ છે ખુંપી ગયેલી ટ્રક અનેક પ્રયત્નો કર્યા છતા બહાર નીકળી શકી નથી. ત્યારે ટ્રક માલિક અને ચાલક બંન્ને મુંઝવણમાં મુકાયા છે. ત્યારે હવે જોવું રહ્યું કે આ ટ્રક કયારે બહાર નીકળશે તે જોવું રહ્યું.. જયારે તંત્ર દ્વારા પણ આવા સ્થળોનું નિરીક્ષણ કરીને યોગ્ય પુરણ કામ થાય તેની ચોકસાઈ કરવી અનિવાર્ય બનવા પામી છે.

હોસ્પિટલમાં વનવિભાગ દ્વારા વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે વનવિભાગના તંત્ર દ્વારા વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નડતરરુપ અને ઝોખમી લાગતા વૃક્ષોનું ટ્રીમીંગ કામ હાથ ધરવામાં આવ્યું હતું. તો બીજીતરફ સિવિલ હોસ્પિટલ સંકુલમાં રહેલા સુકા વૃક્ષોને કાપીને લઈ જવાયા હતા.

મળતી માહીતી મુજબ ચોમાસાની સિઝન ચાલી રહી છે જેમાં વરસાદ અને વાવાઝોડાનો પણ ભય રહેલો હોય છે. જેને પગલે હોસ્પિટલ સંકુલમાં પણ અનેક તોંતિગ ઝોખમી વૃક્ષો આવેલા છે. હોસ્પિટલ તંત્ર મોટા અને નડતરરુપ વૃક્ષોનું ટ્રીમીંગ કરવાનું કહેતા વનવિભાગની ટીમે કામ પૂર્ણ કરી દીધુ હતું. સંકુલમાં જેટલા બિનઉપયોગી સુકા વૃક્ષો હતા તે દુર કરાયા છે. સિવિલ સંકુલમાં પાર્કીંગ તેમજ આસપાસમાં ઘણા તોંતિગ વૃક્ષો આવેલા છે જે વરસાદી સિઝનમાં પડવાનો ભય રહેલો છે અને તે વૃક્ષની ડાળી પણ જો પડે તો ઝોખમી બની શકે છે.ત્યારે તંત્ર દ્વારા આવા વૃક્ષોનું ટ્રીંમીગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગરની હરિયાળી વનરાજીમાં રાષ્ટ્રીય પક્ષી મોરની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં વસે છે. અત્યારે ચોમાસાની ઋતુમાં આ મોરના મીઠા ટહુકા પાટનગરવાસીઓને અનેરી લિજજત આપે છે. વિશ્વભરમાં સુંદરતાની દૃષ્ટિએ સૌથી ઉત્તમ ગણાતા આપણા રાષ્ટ્રીય પક્ષી મોર સૌ કોઈનું પ્રિય પક્ષી છે. ગાંધીનગરના સે-૩૦માં ગુરૂપૂર્ણિમાના પાવન દિને આવા એક સુંદર મોરને કૂતરાંઓએ હુમલો કરી શિકાર બનાવવા પ્રયત્ન કર્યો હતો. અત્યત ગંભીર રીતે ઘાયલ થયેલા મોરને શહેરના જીવદયા પ્રેમીઓએ કૂતરાંઓથી બચાવી પ્રાથમિક સારવાર આપી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે પહોંચાડયો હતો.

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે વોર્ડ.૧ ના કાર્યકર્તાઓ દ્વારા વોર્ડમાં ગુરુ દત્તાત્રેય, હનુમાનજી મંદિર, સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર અને બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય સેક્ટર-૨૮ ખાતે પૂજ્ય દીદીના આશીર્વાદ કોર્પોરેટર બરખાબેન જહા, ઉપપ્રમુખ ઉરેન પટેલ, પૂર્વ મહામંત્રી એચ.એમ. પટેલ, મહિલા મોરચા પ્રમુખ મણીબેન દેસાઈ, મહામંત્રી ઉમેશ જહાં, ખોડીદાસભાઈ મકવાણા, મણીભાઈ પ્રજાપતિ, વિજય શાહ અને સૌ કાર્યકર્તાઓએ મેળવ્યા હતા અને જીવનમાં સારા કાર્યો કરવા પ્રેરણા લીધી હતી.

સે-૩ ન્યુ બગીચા ખાતે સાંજના યોગ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સે-૩ ન્યુ ખાતે સવારે યોગ શિબિર કાર્યરત છે. યોગ આચાર્ય આર.આઈ પંડયા યોગ શિબરમાં સેકટરના ભાઈ બહેનોને યોગની તાલિમ આપી રહ્યા છે. સેકટરના રહીશો પણ મોટીસંખ્યામાં યોગશિબિરમાં જોડાઈ રહ્યા છે.ત્યારે શહેરના સૌ નાગરીકોને યોગ શિબિરનો લાભ લેવા સેકટર-૩ એ ન્યુના પ્રમુખે જણાવ્યું છે.

આઈ લવ માય ગાંધીનગર

સંકેત પોપટ

ફોટોગ્રાફર

ગાંધીનગર ગમે

પ્રેમાળ ને સહાયભૂત થતા લોકો, રહેવા માટે એકદમ અનુકૂળ અને રમણીય શહેર હોવા ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસ અને રોજગારની તકો અહીં હોવાને કારણે પણ ગાંધીનગર ગમે છે.

નગરજનો

શિક્ષિત, કલા, સાંસ્કૃતિક પ્રેમી અને સેવાપ્રેમી નગરજનો આ શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

લોહાણા યુવા સંગઠન, શ્રી જલારામ સેવા સમાજ, જી ઈ ક્લબ, કલ્ચરલ ફોરમ અને અક્ષરધામ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

યુવા વર્ગનો સહકાર મેળવી શકાય તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય.

નગર માટે હું કરી શકું

સઘળાં સર્જનાત્મક કાર્યો માટે નગરને મારી સેવા પૂરી પાડવા માટે હું તૈયાર છું.

જીપીએસસીમાં પાસ કરાવી દેવાનું કહી ૩.૧૦ લાખની છેતરપીંડી

ટી.સી.સી.આઈ એકેડમીનાં સંચાલક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૯

મારી સંત્રીથી લઈને મંત્રીઓ સુધી ઓળખાણ છે, સરકારી નોકરી અપાવવી તો ચપટીનું કામ છે તેવુ કહી ઉમેદવારો પાસે લાખો રૂપિયાનું ઉઘરાણુ કરી છેતરી લેતા લે-ભાગુ ઠગ તત્વો સંખ્યાબંધ ફરે છે. અનેક ઉમેદવારો આવા તત્વોનાં ભોગ બની ચુક્યા છે. વધુ એક આવી ફરિયાદ સે-૭ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. સે-૭ માં ચાલતી ટી.સી.સી.આઈ એકેડમીનાં સંચાલક મુકેશ પટેલ સામે ભોગ બનનાર ઉમેદવારે ફરિયાદ નોંધાવી છે. જી.પી.એસ.સી ક્લાસ ૧-૨ ની પરિક્ષામાં પાસ કરાવી દેવા રુ.૧૮ લાખનો ભાવ મુક્યા બાદ રુ.૧૦ લાખમાં નક્કી કરી અલગ અલગ સમયે તબક્કાવાર રૂ.૧૦ લાખ ઉઘરાવી સંચાલક ફરાર થઈ ગયો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સે-૭ પોલીસ મથકનાં પી.એસ.આઈ એસ.ડી. ચૌધરીએ ગુનાની ઉંડી તપાસ શરુ કરીને આરોપી સંચાલકની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ મહિસાગર જીલ્લાનાં કડાણા તાલુકાનાં જાનુબાનાં મુવાડામાં રહેતા અને ખાનગી શિક્ષક તરીકે નોકરી કરતા તારકભાઈ પ્રદિપભાઈ પંડ્યા અખબારમાં જાહેરાત વાંચીને વર્ષ-૨૦૧૧-૧૨ માં ગાંધીનગર સે-૭એ પ્લોટ નં.૩૨૮/૨ માં ચાલતી ટી.સી.સી.આઈ માં ઈન્ક્વાયરી કરીને એડમીશન લીધુ હતુ. ૫-૬ મહિના એકેડમીમાં તૈયારીઓ કરી એટલે ડાયરેક્ટર મુકેશ પટેલ સાથે તારકને સારો પરિચય થઈ ગયો હતો. મુકેશ પટેલે તારકને કહ્યુ કે જી.પી.એસ.સી માં અધિકારીઓ અને સચિવાલયમાં મંત્રીઓ સાથે આપણે સારી ઓળખાણ છે અને મે મારી પત્ની અલ્કાનું પણ આવી રીતે જ નોકરીમાં સેટીંગ કરાવ્યુ હતુ. આવી રીતે વિશ્વાસમાં લઈને જીપીએસસી ક્લાસ ૧-૨માં રૂ.૧૮ લાખમાં પાસ કરાવી આપવાની તારક સામે ઓફર મુકી હતી. તારકે એક કોલેજમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા તેના પિતાને વાત કરી મુકેશ પટેલ સાથે બેઠક ગોઠવી વર્ષ ૨૦૧૩ ની જીપીએસસી માં પાસ કરાવી દેવા ભાવતાલ કરીને રૂ.૧૦ લાખમાં ડીલ નક્કી કરી હતી. રૂપિયા લઈ લીધા અને પરિણામ આવ્યુ તો તારકનુ નામ પાસ થનાર ઉમેદવારની યાદીમાં ન હતુ. આ વખતે સેટીંગ નથી થઈ શક્યુ કહીને થોડા સમયમાં મુકેશ પટેલે ૧૦ લાખ પાછા આપી બીજી ભરતીમાં કરાવી આપવાની ઓફર મુકી હતી. બીજા વર્ષે ફરી જીપીએસસીની પરીક્ષા આવી અને ફરી રૂ.૧૦ લાખમાં ડીલ થઈ.આ વખતે પણ પરિણામ નાપાસ આવ્યુ પરંતુ રૂ.૧૦ લાખ પાછા આવ્યા નહી. મુકેશ પટેલ રૂ.૧૦ લાખ લઈને સંપર્ક વિહોણા થઈ જતા ફરાર થઈ ગયેલા મુકેશ પટેલ સામે સે-૭ પોલીસ મથકમાં તારક પંડયાએ ફરિયાદ નોંધાવી છે.

બૈતુલમાલ કમિટીના પ્રમુખ તરીકે યુનુસ પરમારની વરણી

ગાંધીનગર શહેરના યુવા અગ્રણી બિલ્ડર અને પેથાપુર સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ યુનુસ યુસુફભાઈ પરમારની ગાંધીનગર બૈતુલમાલ કમિટીના નવિન પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. યુનુસ યુસુફભાઈ પરમારની વરણી થતા તેમના પરિવાર અને મિત્રવર્તુળમાં આનંદનું મોજુ ફરી વળ્યું છે અને તેમને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી રહ્યા છે.

સિંગલ ચાઈલ્ડ ફેમિલિની વધતી જતી વિભાવના

મોંઘવારી અને બેરોજગારી સાથે સ્પર્ધાના યુગમાં એક બાળકનો સારી રીતે ઉછેર કરી શકવાની માન્યતા દૃઢ બનતી જાય છે જો કે માઈક્રો ફેમિલિના કારણે મહત્વના સંબંધો ખતમ થવા સાથે મહિલા-પુરુષના ભેદભાવને ઉત્તેજનનું જોખમ

લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૯

વિશ્વભરમાં વધતી જતી જન સંખ્યા એ અઢળક સમસ્યાઓની જનની બની રહી છે. અનિયંત્રિત વસ્તી વિસ્ફોટ ભૂખમરો, બેરોજગારી, ગુનાખોરી જેવી વિકરાળ સમસ્યાઓને પેદા કરી રહ્યો છે સાથે સાથે જીવન આવશ્યક સંશાધનોની અછત સર્જાવા તરફ દોરી જઈ રહ્યો છે. વિશ્વમાં વર્ષ ૧૯૯૦થી યુનાઈટેડ નેશન્સ દ્વારા તા. ૧૧મી જુલાઈને 'વિશ્વ વસ્તી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ બેજવાબદાર રીતે વધતા વસતી વધારાને નિયંત્રિત કરવા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. ભારત અને ચીન સહિતના દેશો દ્વારા આ સમસ્યા અંગે ગંભીરતાપૂર્વક પગલાં લેવાઈ રહ્યાં છે અને તેના પ્રતાપે હવે 'અમે બે, અમારું એક' પ્રકારની વિચારધારા સાથેના માઈક્રો ફેમિલીની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. આ વર્ષે વિશ્વ વસ્તી દિવસની ઉજવણીનો થીમ છે 'ફેમિલી પ્લાનિંગ : એમ્પાવરિંગ પીપલ, ડેવલપિંગ નેશન્સ.'

ભારત કુદરતી રીતે તથા સામાજિક અને પારંપરિક રીતે મોટા પરિવારો ધરાવતો દેશ છે અને આપણા દેશમાં સંયુક્ત પરિવારની વિભાવના ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય નાગરિકોમાં એક બાળકની ચાહના વધતી જાય છે. જે એક સર્વે મુજબ આશરે ૭૫ ટકાથી વધુ નાગરિકોએ સ્વીકારી છે. આ સર્વે મુજબ ૬૦ટકાથી વધુ નાગરિકો આ ચાહના યોગ્ય હોવાનું માને છે જયારે ૪૦ટકા જેટલા નાગરિકો 'સિંગલ ચાઈલ્ડ ફેમિલી' નુકશાનકારક હોવાનું ગણાવી રહ્યા છે. વિશ્વમાં ૨૨ કરોડ જેટલી મહિલાઓ યોગ્ય અને સલામત કુટુંબ નિયોજન પ્રણાલીઓના અભાવે ગર્ભાવસ્થાથી દુર રહેવા માંગે છે. જો કે 'સિંગલ ચાઈલ્ડ ફેમિલી'ની સંખ્યા વધવાના કારણો ઘણા બધા છે. ભારતની વાત કરીએ તો શિક્ષણનું પ્રમાણ વધવાને કારણે કારકિર્દી લક્ષી વિચારધારા વધુ મજબૂત બનતી જાય છે જેના કારણે તથા કાયદાકીય નિયંત્રણોનો ઉમેરો થવાથી લગ્ન કરવાની સરેરાશ ઉંમરમાં વધારો થઈ રહ્યો છે. મોડા લગ્ન સાથે હવે માતા પિતા બંને વ્યવસાય કે નોકરી કરતા હોય તેવી સંખ્યા પણ વધતી હોવાથી એક બાળકની વિભાવના વધુ મજબૂત બની રહી છે. સંયુકત કુટુંબની વિભાવનામાં પારિવારિક વિખવાદો, મિલ્કત વહેંચણીના ઝઘડાને કારણે વેરઝેર, કોર્ટ કચેરીના ટંટા-ફસાદો, પોતાની વિચારધારા મુજબ બાળકનો ઉછેર નહી થઈ શકવો જેવા કારણોને પગલે ઓટ આવી રહી છે અને પહેલા મીની ફેમિલી અને હવે માઈક્રો ફેમિલીની વિભાવના મજબૂત બની રહી છે.

સ્વતંત્ર ભારતમાં કાયદાકીય અધિકારો પ્રત્યે જાગૃતિ વધતા છુટાછેડાના પ્રમાણમાં પણ વધારો થવા પામ્યો છે. આ ઉપરાંત સ્વાસ્થ્ય સંબંધી તકલીફો, વ્યંધ્યત્વની વધી રહેલ સમસ્યા, આર્થિક, ધાર્મિક કે સામાજિક કારણોસર માનસિક તણાવની પરિસ્થિતિ વગેરેને કારણે કયારેક પ્લાનિંગ ના હોવા છતાં પરિવાર નાનું રહી જવાની સ્થિતિ પણ જોવા મળે છે જયારે અનેક દંપતિઓ એવા પણ છે જેમણે સહસંમતિથી 'એક બાળકના પરિવાર'નું પ્લાનિંગ કર્યું છે અને આવા દંપતિઓની સંખ્યા ખૂબ ઝડપથી વધી રહી છે તે નિર્વિવાદ હકીકત છે. 'અમે બે, અમારું એક' જેવી પરિવાર વિભાવના સ્વીકારવા પાછળ અનેક કારણો રહેલા છે જેમાં અગાઉ કહ્યું તેમ જાગૃતિનો વધારો થવાને કારણે 'નાનું પરિવાર સુખી પરિવાર'ની માનસિકતાનો સ્વીકાર, મોંઘવારીના કારણે બાળકના ઉછેર, શિક્ષણ વગેરેના વધતા ખર્ચા, જીવનશૈલીમાં બદલાવ આવવાને કારણે ખર્ચાળ જીવનશૈલી તથા કારિકર્દીમાં હરિફાઈનું વધતું તત્વ અને બેરોજગારીની સમસ્યા વગેરે કારણે બાળકને સારું ભવિષ્ય આપવા અંગે શંકા તેમજ વ્યવસાયગત વ્યસ્તતાને કારણે પરિવારને સમય આપી શકવાની અસમર્થતા પણ જવાબદાર છે. આ કારણે સમાજમાં અત્યારે 'ડબલ ઈન્કમ-સિંગલ ચાઈલ્ડ'ની સ્થિતિ સામાન્ય બનતી જાય છે.

સિંગલ ચાઈલ્ડ ફેમિલીના લાભ અંગેની દલીલોમાં સૌથી ઉપર બાળકનો સારો ઉછેર કરી શકવાની બાબત આવે છે. એક બાળક પર મર્યાદિત આવકમાં તેના શારિરીક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ પર વધુ ધ્યાન આપી શકાય છે. ભવિષ્યમાં મકાન-મિલ્કત-વાહન સહિત વાર-તહેવારના ખર્ચાને નિયંત્રિત કરી શકાય, મિલ્કતના ભાગ માટે ઝઘડા-કંકાસની શકયતા ના રહે તેમજ બાળકના વિકાસ પર પુરતું ધ્યાન આપી શકાય તેવા કારણો પણ રહેલા છે જયારે મા-બાપ બંને નોકરી-વ્યવસાયમાં જોડાયેલા હોય અને સંતાનની સારસંભાળ માટે નજીકના સગા સંબંધીની મદદ અપ્રાપ્ય હોય ત્યારે આ બાબત અત્યંત મહત્વની બને છે. આજના યુગમાં કારકિર્દીના કારણે માઈગ્રેશન એટલે કે સ્થાન ફેરની સ્થિતિ વધુ હોવાને પગલે આ પરિસ્થિતિ સર્જાય છે. વળી, અનેક મા-બાપની વિચાર સરણી વૃધ્ધાવસ્થામાં તેમની જવાબદારી જો એક સંતાન હશે તો નાછુટકે પણ સ્વીકારશે તે અન્ય ભાઈ-ભાંડુ પર તે જવાબદારી સ્થળાંતરિત કરી છટકી નહીં જાય તેવી પણ વધતી હોવાથી તેઓ સિંગલ ચાઈલ્ડ ફેમિલીનો સ્વીકાર કરી રહ્યા છે.

વસ્તી નિયંત્રણ માટે ફેમિલી પ્લાનિંગ અપનાવવું તે રાષ્ટ્ર માટે તો હિતકારક છે પરંતુ એક બાળકના પરિવારના કેટલાક નુકશાન પણ જોવા મળે છે. માઈક્રો ફેમિલિના કારણે કુટુંબ સિમિત થવાથી બાળકના હળી મળીને રહેવાના ગુણો, સંયુકત જવાબદારીના ગુણો વગરે વિકસવામાં તકલીફ પડી શકે છે. વંશવૃધ્ધિ સિમિત થવા સાથે વૃધ્ધ મા-બાપની જવાબદારી એક જ સંતાન પર આવવી, ભાઈચારાની ભાવના ઘટવી, મહિલા-પુરુષના લિંગભેદને ઉત્તેજન મળવું, બાળકમાં અસુરક્ષાની ભાવના વધવી, વધુ પડતા લાડને કારણે સ્વભાવ બગડવો, અન્ય બાળકોના અનુકરણથી શીખવાનો મોકો ગુમાવવો તથા કાકા, ફોઈ, મામા જેવા સંબંધો લુપ્ત થવાના જોખમો રહેલા છે. મહત્વના સંબંધો ખતમ થવા સાથે બાળકના સર્વાંગી વિકાસ પર અસરની શકયતા છે. આ સાથે મહિલા પુરુષની ટકાવારી પર પણ આ સ્થિતિ અસર પહોંચાડે છે. જો કે અનેક મર્યાદાઓ છતાં આજના યુગમાં સિંગલ ચાઈલ્ડ ફેમિલિ વિભાવનાને કારણે રાષ્ટ્રમાં લાંબે ગાળે બેરોજગારી અને મોંઘવારી જેવી સમસ્યાઓની અસરકારકતા ઘટી શકે છે. જો કે સિંગલ ચાઈલ્ડ ફેમિલિ અપનાવવું કે નહિ તે માત્ર અને માત્ર દંપતિની આપસી સમજ અને પરિસ્થિતિ મુજબ જ હોવું જોઈએ તેમાં બે મત નથી.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

@ગાંધીનગર

● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓની બેઠક સાંજના પાંચ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે મળશે.

સે-૨ બગીચામાં પેન્શનર્સ સમાજની ૧૪મીના રોજ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સે-૨માં નિવાસ કરતાં પેન્શનર મિત્રો દ્વારા કચ્છ દર્શન-ધાર્મિક સ્થળો સાથે ત્રણ દિવસીય બે રાત્રિ રોકાણના સહ કુટુંબ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસ સંભવીત તા. ૨૫મી જુલાઈ ૨૦૧૭ના રોજ મંગળવારે રાત્રિથી શરૂ થશે. આ અંગેની વિશેષ જાણકારી માટે ટુરના સંચાલક હાજર રહેશે અને તેના સંદર્ભમાં તા. ૧૪મી જુલાઈ ૨૦૧૭ના રોજ શુક્રવારે, સાંજના પાંચ કલાકે સે-૨ના શોપીંગ સામેના બગીચામાં ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે તો રસ ધરાવતા પેનશનર મિત્રોને ઉપરોકત બેઠકમાં અચુક હાજર રહેવા જણાવાયું છે.

આજે સે-૪ બગીચા ખાતે કાનૂની માર્ગદર્શન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૯

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા તા.૧૦ જુલાઈને સોમવારના રોજ સેકટર-૪ ના બગીચા ખાતે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ દરમિયાન ગાંધીનગર માં વસતા સિનિયર સિટીઝનો માટે કાયદા અંગે માર્ગદર્શન તથા કુદરતી ઉપચાર દ્વારા તંદુરસ્તી જાળવવા અંગેનો સેમીનાર યોજાશે.

આ સેમીનારમાં કાનૂની માર્ગદર્શન દિનેશ દવે, તથા જયરામભાઈ સોની, સીતારામભાઈ પટેલ, સહિતના આગેવાન ઉપસ્થિત રહેશે. આ સેમિનારમાં મહિલાઓ પણ હાજર રહી શકે છે અને તેમને લગતા કાનૂની કાયદાની પણ સમજ આપવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર મનપાના કોર્પોરેટર પ્રવિણાબેન વોરા ઉપસ્થિત રહેશે. જયારે સેકટરના તમામ સિનિયર સિટીઝન ભાઈ બહેનોને કાર્યક્રમમાં હાજર રહેવા દિનેશ દવે દ્વારા અનુરોધ કરાયો છે.

સિવિલ હોસ્પિટલ પાર્કિંગમાંથી કાર ઉઠાવી જનાર શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનાં પાર્કિંગમાંથી ગઈ કાલે જીજે ૧૮ એ.એચ ૫૮૦૪ નંબરની અલ્ટો કારની ચોરી થઈ જવા પામી હતી. આ મામલે સે-૭ પોલીસ મથકમાં કાર માલીકે ફરિયાદ આપતા પી.આઈ પી.બી.ચૌહાણ તથા તેમની ટીમે ૨૪ કલાકમાં કાર ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. સે-૭ પોલીસ મથકની ડીસ્ટાફની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મેળવી કાર ચોરીમાં સંડોવાયેલા એક કિશોર સહિત બે શખ્સોને પકડી પાડ્યા છે. દિગ્વીજય ચંદ્રસિંહ વિહોલ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલા કિશોરને પકડી સે-૭ પોલીસે વધુ પુછપરછ શરુ કરી છે.